# મોમીન જુની જમાતનો સ્તંભ એવા સુકાની કરીમદ નુરમદ હસનની જીવન ઝરમર
## જન્મ તા. ૨૬-૦૬-૧૮૯૨, રવિવાર અને દેહાન્ત તા. ૧૮-૧૧-૧૯૫૮ શનિવાર મુ. કાણોદર

સદાય કર્તવ્યને પોતાનો જીવનધર્મ સમજેલા એવા કર્મઠ પ્રતાપી પુરૂષ કરીમદ નુરમદ હસને પોતાની જુવાનીમાં જુની જમાતની ધુરા સંભાળી અને ૩૫ વર્ષ સુધી એટલે કે તેમના દેહાન્ત સુધી તે જાળવી રાખી.

જુમાત પ્રમુખ, દરગાહ ટ્રસ્ટી મંડળના પ્રમુખ ગામ સમાજ આગેવાન છતાં મોટાઈનું કોઈ નામ ન મળે ખુબ જ સાદગી ભર્યું જીવન જીવ્યા. હાથશાળના સાધારણ રોજગારમાંથી સંતોષ માની નિઃસ્વાર્થ રહી એમણે જુમાત અને પીર અબુતાલીબ સાહેબની દરગાહનાં સેવાકાર્યો કર્યા છે. જે ભાગ્યે જ હોઈ કરી શકે.

સ્વભાવે આકળા શીસ્ત (ડીસીપ્લીન) ના ખુબ જ આગ્રહી પણ હૃદયના એટલા જ સરળ જેના ઉપર વિશ્વાસ મુકયો એટલે મૂકી જાણવાનો અને પ્રભાવ એવો કે ગમે તેવા ચમરબંધીને પણ કડવી વાત કહેવી હોય તો કોઈ પણ જાતની શેહ-શરમ વગર કહીદે અને પોતે જે બોલ્યા તે સહી તે પછી ફેરવી તોળવાનું નહીં, હંમેશાં સાચી વાત જ કહેવાની ડુપ્લીકેટ વાત મળે જ નહીં.

પોતે જયારે કાણોદરથી ખંભાત મુકામે દરગાહ ઉપર જાય તો પણ પોતાના ખર્ચે જવાનું અને ત્યાં જઈને પણ પોતાના હોદ્દાને બાજુ ઉપર રાખી રસોડાના કામમાં મદદ કરતાં પણ અચકાય નહીં. પોતાની જાતને વહીવટદાર કરતાં અદના સેવક જેવા ગણે આવા ગુણોને લીધે સમગ્ર જુમાતના જુવાન વૃધ્ધ ભાઈ-બહેનો તેમની એટલી જ માન-મર્યાદા રાખે દરગાહના મુખ્ય સ્થાનક (ભડાર) ઉપર બેઠા હોય તો તેમની સામે થઈને ચાલતાં લોકો વિચારે એવો કુદરતી એમનો દબદબો (પ્રતાપ) પોતે જીવ્યા ત્યાં સુધી જુમાતને તેમના એક જ પ્રભાવથી બાંધી રાખી પણ એમની ખોટ વણ પુરાયેલી અણનમ છે. આવા નિઃસ્વાર્થ કર્તવ્યનિષ્ઠ પુરૂષને જુની જમાતના લાખો સલામ.